*નિર્દેશ : પ્રત્યેક પ્રશ્નના **ચાર** વિકલ્પો છે. પ્રત્યેક પ્રશ્નનો ફક્ત એક જ સાચો જવાબ છે. એમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને એને ઘાટો કરો. **OMR** શીટના સંબંધિત વર્તુળને ઘાટું કરવાનું છે.*

**1.** શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો - 'મકાનના આધારરૂપ થાંભલી'

(1) મોટી

(2) મોભ

(3) સુંથ

(4) કુંભી

**2.** 'તેણે મને કારણ કહ્યું ખરું' વિધાનમાં નિપાત શોધો.

(1) કહ્યું

(2) તેણે

(3) મને

(4) ખરું

**3.** 'આભ તૂટી પડવું' રૂઢિપ્રયોગનો અર્થ શોધો.

(1) આભમાં ચાંદલા ટાંકવા

(2) આભેથી તારલા તોડવા

(3) ભારે મુશ્કેલીમાં મુકાવું

(4) આભે ટેકો દેવો

**4.** 'શાર' શબ્દનો સમાનાર્થી શોધો.

(1) આધાર

(2) છિદ્ર

(3) બહાર

(4) પવન

**5.** 'પપ્પુ અંતે પાસ તો થયો' વિધાનમાં નિપાત શોધો.

(1) તો

(2) પપ્પુ

(3) અંતે

(4) થયો

**6.** સાચું સંધિજોડાણ શોધો - 'પુસ્તક+આલય'

(1) પુસ્તકાલય:

(2) પુસ્તાકાલય:

(3) પુસ્તકાલય

(4) પૂસ્તકાલય

**7.** સાચું સંધિજોડાણ શોધો - 'મહા+અનલ'

(1) મહાનલ:

(2) મહોનલ

(3) મહોનળ

(4) મહાનલ

**8.** 'કમર કસવી' રૂઢિપ્રયોગનો અર્થ શોધો.

(1) કમર મજબૂત થવી

(2) નાહિંમત થઈ જવું

(3) કામમાં ગોટા વાળવા

(4) હિંમતથી કામ કરવા તૈયાર થવું

**9.** વિકલ્પોમાંથી ખોટી જોડણીવાળો શબ્દ શોધો

(1) માલીક

(2) રુધિર

(3) ગિરિ

(4) વીજળી

**10.** 'કેવળ તમારું માન રાખવા ખાતર હું આવીશ' વિધાનમાં નિપાત શોધો.

(1) ખાતર

(2) કેવળ

(3) તમારું

(4) માન

**11.** 'ખરચી ખૂટી, યારી તૂટી' - કહેવતનો અર્થ શોધો.

(1) પૈસા ન હોય તો દોસ્તી તૂટી જાય

(2) ખર્ચ કરનાર સુખી થાય

(3) કંજૂસાઈ કરવી

(4) ઉડાઉ બનવું

12. 'અમાસ' શબ્દનો વિરુદ્ધાર્થી શોધો.
(1) રાત
(2) અંધાર
(3) પૂનમ
(4) અજવાસ

13. 'મહાદેવભાઈ માત્ર પચાસ વર્ષ જીવ્યા' વિધાનમાં નિપાત શોધો.
(1) જીવ્યા
(2) મહાદેવભાઈ
(3) પચાસ
(4) માત્ર

14. નીચેના વિધાનમાંથી સંયોજક શોધો-
'તે અબોટિયું દેખી શકતો નથી માટે ઢોંગ કરે છે.'
(1) તે
(2) માટે
(3) દેખી
(4) કરે છે

15. 'વાયુ વહે શીતળ જલ જેવો' માં કયો અલંકાર છે ?
(1) અનન્વય
(2) ઉપમા
(3) રુપક
(4) ઉત્પ્રેક્ષા

16. તળપદા શબ્દનો શિષ્ટ શબ્દ શોધો- 'ગલઢેરાં'
(1) ઢેફાં
(2) બળદ
(3) પાડા
(4) ઘરડાં

17. નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત શબ્દની સંજ્ઞા ઓળખાવો-મારી બહેન <u>રમા</u> શાળામાં ભણે છે.
(1) વ્યક્તિવાચક
(2) જાતિવાચક
(3) સમૂહવાચક
(4) દ્રવ્યવાચક

18. 'કૂવો <u>ખોદનાર</u> માણસો આજે રજા પર છે' વિધાનમાં રેખાંકિત વિશેષણનો પ્રકાર શોધો.
(1) સાર્વનામિક
(2) આકારવાચક
(3) કર્તૃવાચક
(4) સંબંધવાચક

19. સાચું સંધિજોડાણ શોધો - 'પરમ+અર્થ'
(1) પરમેર્થ
(2) પરમોર્થ
(3) પરમાર્થ
(4) પરામારથ

20. શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો - 'શરીરનો સંવેદનશીલ ભાગ'
(1) મર્મસ્થાન
(2) સંવેદના
(3) સંવેદનશીલ
(4) મર્મદાયક

21. જો $a \times b = 80$, ગુ.સા.અ. $(a \cdot b) = 2$ હોય તો લ.સા.અ. $(a \cdot b) =$ ________ થાય.
(1) 80
(2) 20
(3) 40
(4) 60

22. નીચેનામાંથી કયો અપૂર્ણાંક સૌથી નાનો છે ?
(1) $\frac{2}{3}$
(2) $\frac{5}{6}$
(3) $\frac{7}{9}$
(4) $\frac{3}{5}$

23. બે આંકડાઓની એક સંખ્યામાંથી 18 બાદ કરવાથી આંકડાઓનો ક્રમ બદલાઈ જાય છે. તો તે નીચેના પૈકી કઈ સંખ્યા હોય?

(1) 81

(2) 64

(3) 46

(4) 73

24. કાટકોણ ત્રિકોણ ABC માં $\angle C = 90^\circ$ છે. તથા $AB = 20$ અને $\angle B = 30^\circ$ હોય તો $AC =$ ________.

(1) 17.3

(2) 10

(3) 20

(4) 30

25. 10 ના અવયવોની સરાસરી શોધો.

(1) 5.5

(2) 4

(3) 4.5

(4) 5

26. 162 ને ઓછામા ઓછી (નાનામાં નાની) કઈ સંખ્યા વડે ગુણવાથી, તે પૂર્ણવર્ગ થશે?

(1) 5

(2) 2

(3) 3

(4) 4

27. $\pi$ (પાય) એ ________ સંખ્યા છે.

(1) અસંમેય

(2) પ્રાકૃતિક

(3) પૂર્ણાંક

(4) સંમેય

28. $x : 20 = 3 : 5$ તો $x$ ની કિંમત શોધો.

(1) 16

(2) 10

(3) 15

(4) 12

29. કોઈ રકમ 10 વર્ષમાં કેટલા ટકા વ્યાજે બમણી થાય ?

(1) 9%

(2) 12%

(3) 10%

(4) 5%

30. 96 = ________ ના 80%.

(1) 135

(2) 96

(3) 100

(4) 120

31. 1.2 kg નાં 30% = ________.

(1) 3.6 kg

(2) 360 gm

(3) 36 gm

(4) 360 kg

32. મયંકભાઈની આવક અને ખર્ચનો ગુણોત્તર 5 : 2 છે. જો તેમની આવક ₹ 10,000 હોય તો માસિક બચત કેટલી થાય?

(1) ₹ 2,000

(2) ₹ 8,000

(3) ₹ 6,000

(4) ₹ 5,000

33. છાપેલી કિંમત ઉપર 15% વળતર આપવા છતાં વેપારીને 20% નફો મળે છે. તો ₹ 170 માં ખરીદેલી વસ્તુ પર વેપારીએ શું કિંમત છાપી હશે ?

(1) ₹ 190

(2) ₹ 120

(3) ₹ 204

(4) ₹ 240

34. ત્રણ સંખ્યાઓની સરાસરી 6 છે, એક ચોથી સંખ્યા ઉમેરતા સરાસરી 8 થઈ જાય છે. તો ચોથી સંખ્યા કઈ હશે?

(1) 14
(2) 6
(3) 8
(4) 11

35. ચાર ઘંટડીઓ દર 5, 6, 8 અને 10 સેકન્ડે વાગે છે. જો પહેલીવાર તમામ ઘંટડી સાથે વગાડીએ તો કેટલી સેકન્ડ પછી ફરીથી સાથે વાગશે?

(1) 160 સેકન્ડ
(2) 120 સેકન્ડ
(3) 100 સેકન્ડ
(4) 140 સેકન્ડ

36. 24 માણસો એક કામ 15 દિવસમાં પૂર્ણ કરે છે. તો તે કામ 30 માણસોને પૂર્ણ કરતાં કેટલા દિવસ લાગે ?

(1) 19 દિવસ
(2) 21 દિવસ
(3) 12 દિવસ
(4) 18 દિવસ

37. જો $m+n=14$ અને $m-n=4$ તો હોય તો $m=$ ________ થાય.

(1) 5
(2) 18
(3) 10
(4) 9

38. $4+6\times5-15\div1$ નું મૂલ્ય શોધો.

(1) 11
(2) 18
(3) 19
(4) 35

39. નીચેના માંથી કઈ સંખ્યાને અપૂર્ણાંક તરીકે દર્શાવી શકાય નહીં?

(1) $\sqrt{3}$
(2) 0.2
(3) $\sqrt{1.69}$
(4) $\sqrt{1.44}$

40. $\frac{12}{x}=\frac{16}{20}$ તો $x$ નું મૂલ્ય શોધો.

(1) 51
(2) 9.6
(3) 6.9
(4) 15

41. 'હવેલી સંગીત' ક્યા સંપ્રદાય સાથે જોડાયેલું છે?

(1) જૈન
(2) સ્વામીનારાયણ
(3) વૈષ્ણવ
(4) કબીર

42. ગણેશ વાસુદેવ માવળંકરને પ્રથમ લોકસભામાં કયુ સ્થાન આપવામાં આવ્યું હતું?

(1) સંસદીય સચિવ
(2) સ્પીકર
(3) રાજ્યસભાના સભ્ય
(4) ઉદ્યોગમંત્રી

43. 'જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના' ક્યા ધોરણ માટે છે?

(1) ધો-11
(2) ધો-8
(3) ધો-9
(4) ધો-10

44. 'જમજીરનો ધોધ' ક્યા જિલ્લામાં આવેલો છે?

(1) ગીર સોમનાથ
(2) ભાવનગર
(3) અમદાવાદ
(4) ડાંગ

45. પ્રસિદ્ધ કેસર કેરી ક્યા શહેર સાથે જોડાયેલી છે?

(1) તાલાલા
(2) ભાવનગર
(3) ભૂજ
(4) જામનગર

46. આપણા દેશનું રાષ્ટ્રિય જળચર પ્રાણી કયુ છે?
(1) વ્હેલ
(2) ડોલ્ફીન
(3) શાર્ક
(4) મગર

47. રાષ્ટ્રીય મુદ્રા નીચે ' સત્યમેવ જયતે' કઈ લિપિમાં લખાય છે?
(1) અંગ્રેજી
(2) દેવનાગરી
(3) બંગાળી
(4) ગુજરાતી

48. વિધાનસભા ચાલુ ન હોય ત્યારે કોણ વટહુકમ બહાર પાડે છે?
(1) રાષ્ટ્રપતિ
(2) મુખ્યમંત્રી
(3) રાજ્યપાલ
(4) વિધાનસભા અધ્યક્ષ

49. નીચે પૈકી પિત્તળના નકશીકામ માટે કયુ શહેર જાણીતું છે?
(1) શિહોર
(2) દામનગર
(3) શિરોઈ
(4) વલ્લભીપુર

50. સૌરાષ્ટ્ર રાજ્યના સૌપ્રથમ મુખ્યમંત્રીનું નામ જણાવો.
(1) પ્રતાપભાઈ ઢેબર
(2) ઉચ્છરંગરાય હાથી
(3) ઉચ્છરંગરાય માંકડ
(4) ઉચ્છરંગરાય ઢેબર

51. રાજ્યપાલને તેમની નિમણૂકનાં શપથ કોના દ્વારા લેવડાવવામાં આવે છે?
(1) સ્પીકર
(2) રાષ્ટ્રપતિ
(3) રાજ્યના મુખ્યમંત્રી
(4) મુખ્ય ન્યાયધીશ

52. ગુજરાતની સૌથી મોટી સિંચાઈ યોજના કઈ?
(1) નર્મદા
(2) ભાદર
(3) ખોડિયાર
(4) સાબરમતી

53. ભારતના રાષ્ટ્રપતિને તેમના પદ ઉપરથી કોણ હટાવી શકે છે?
(1) વડાપ્રધાન
(2) લોકસભા
(3) સંસદ
(4) ભારતના સર્વોચ્ચ ન્યાયધીશ

54. બેંક ઓવરડ્રાફ્ટ એટલે શું?
(1) વર્ષમાં ફક્ત બે વાર જ રકમ ઉપાડવાની સવલત
(2) ખાતામાં જમા રકમ જેટલી જ રકમ ઉપાડવાની સુવિધા
(3) ખાતામાં જમા રકમ કરતાં વધુ રકમ ઉપાડવાની સવલત
(4) ખાતામાં જમા રકમ કરતાં ઓછી રકમ ઉપાડવાની સવલત

55. ભગવત ગોમંડળ ગ્રંથખંડો શેની સાથે સંકળાયેલ છે?
(1) ટૂંકીવાર્તા
(2) શબ્દ
(3) નવલકથા
(4) ધર્મ

56. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી કયુ છે?
(1) ચિત્તો
(2) ગાય
(3) વાઘ
(4) સિંહ

57. 'મહાગુજરાત' ચળવળના મુખ્ય નેતા કોણ હતા?
(1) ઈન્દુલાલ શાસ્ત્રી
(2) ઈન્દુલાલ ગાંધી
(3) અમૃતલાલ યાજ્ઞિક
(4) ઈન્દુલાલ યાજ્ઞિક

58. ભારતના બંધારણમાં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના ભંગ બદલ નીચેના પૈકી કયુ વિધાન યોગ્ય છે?

(1) માત્ર સર્વોચ્ચ અદાલત સમક્ષ જ કેસ લઇ શકાય છે

(2) અદાલતનો આશરો લઇ શકાય છે

(3) અદાલતનો આશરો લઇ શકાતો નથી

(4) માત્ર વડી અદાલત સમક્ષ જ કેસ લઇ શકાય છે

59. 'સરદાર આવાસ યોજના' કોને લાગુ પડે છે?

(1) મજૂરો

(2) આર્થિક પછાત લોકો

(3) ગરીબી રેખાથી નીચે જીવતા લોકો

(4) પશુપાલકો

60. સરસ્વતી સાધના યોજના અંતર્ગત શું આપવામાં આવે છે?

(1) રોકડ સહાય

(2) કપડાં

(3) સાયકલ

(4) પુસ્તકો - નોટબુક

61. નીચેનામાંથી ક્યા ખેલાડીને 'કેપ્ટન કુલ' તરીકે ઓળખાવવામાં આવે છે?

(1) રોહિત શર્મા

(2) સચીન તેન્ડુલકર

(3) મહેન્દ્રસિંહ ધોની

(4) સુનિલ ગાવસ્કર

62. ભારતીય ખેલાડી વિનેશ ફોગાટે પેરિસ ઓલમ્પિકમાં કઈ રમતમાં શાનદાર દેખાવ કર્યો હતો?

(1) કુસ્તી

(2) શૂટિંગ

(3) તીરંદાજી

(4) બેડમિન્ટન

63. ખેલરત્ન અને અર્જુન એવોર્ડ તથા દ્રોણાચાર્ય એવોર્ડ એમ ત્રણ એવોર્ડ મેળવનાર ખેલાડી કોણ ?

(1) વિજેન્દર કુમાર

(2) પુલેલા ગોપીચંદ

(3) પીટ સેમ્પ્રાસ

(4) સાઇના નેહવાલ

64. ફૂટબોલની રમત શરીરના ક્યા અંગો વડે રમી શકાય છે?

(1) હાથ અને પગ વડે

(2) હાથ અને ઢીંચણ વડે

(3) હાથ અને માથા વડે

(4) પગ અને માથા વડે

65. ધ્યાનને કેન્દ્રમાં રાખીને થતી યોગસાધના ક્યા નામે ઓળખાય છે?

(1) ધ્યાનયોગ

(2) હઠયોગ

(3) રાજયોગ

(4) સમાધિયોગ

66. ચેસમાં પહેલા 'ગ્રાન્ડ માસ્ટર' બનનાર ભારતીય ખેલાડી કોણ?

(1) ડી.વી. પ્રસાદ

(2) પ્રવીણ થિપ્સે

(3) દીવેન્દુ બરુઆ

(4) વિશ્વનાથન આનંદ

67. ચક્રફેંકની સ્પર્ધામાં 6 ખેલાડીઓએ ભાગ લીધો છે તો દરેકને કુલ કેટલી તક મળશે?

(1) 8 તક

(2) 3 તક

(3) 5 તક

(4) 6 તક

68. ગુજરાતમાં સૌપ્રથમ વ્યાયામ પ્રવૃત્તિઓની શરૂઆત કરનાર કોણ હતા?

(1) પુરોહિત બંધુઓ

(2) રાઈટર બંધુઓ

(3) પુરાણી બંધુઓ

(4) દેશમુખ બંધુઓ

7254445

69. ઘણી વાર ઈન્જેક્શન મારફતે શું લેવાય છે?

(1) માદક દ્રવ્યો
(2) અફીણ
(3) ગાંજો
(4) દારુ

70. ખેલ મહાકુંભનું ધ્યેયવાક્ય કયુ છે?

(1) ખેલ ખેલા કર
(2) રમશે ગુજરાત, જીતશે ગુજરાત
(3) જમશે ગુજરાત, ખમશે ગુજરાત
(4) ખેલ કરે મેલ

71. ઊંચાઈ વધારવા માટે કયુ આસન ઉપયોગી છે?

(1) ગરુડાસન
(2) ભુજંગાસન
(3) શલભાસન
(4) ગર્ભાસન

72. ભારત દેશની રાષ્ટ્રિય રમત કઈ છે?

(1) કબડ્ડી
(2) હોકી
(3) ક્રિકેટ
(4) વોલીબોલ

73. બોક્સિંગની રમત માટે અર્જુન એવોર્ડ મેળવનાર પ્રથમ બોક્સર કોણ?

(1) હવાસિંઘ
(2) બુડી ડી'સોઝા
(3) જી. મનોહરન
(4) ડી. એસ. યાદવ

74. ભારતીય હોકીના દેવતા તરીકે કોણ ઓળખાય છે?

(1) મિલખા સિંઘ
(2) પરગટ સિંઘ
(3) બિશનસિંઘ બેદી
(4) મેજર ધ્યાનચંદ

75. હેન્ડબોલની રમતમાં દરેક ટીમનું મુખ્ય ધ્યેય શું હોય છે?

(1) ગોલ કરવો
(2) દડાને ઝીલવો
(3) દડાને ફેંકવો
(4) આક્રમણ કરવું

76. 'હેડર' શબ્દ કઈ રમત સાથે સંકળાયેલ છે?

(1) ફૂટબોલ
(2) બેડમિન્ટન
(3) ટેનિસ
(4) વોલીબોલ

77. નીચેનામાંથી કોણ રમત સાથે જોડાયેલ નથી?

(1) લજ્જા ગોસ્વામી (લજન)
(2) પી.ટી. ઉષા
(3) સાઈના નેહવાલ
(4) કવિતા કૃષ્ણમૂર્તિ

78. ભુજંગાસનમાં શરીરનો આકાર કોના જેવો થાય છે?

(1) ઊંટ જેવો
(2) મગર જેવો
(3) વૃક્ષ જેવો
(4) સર્પ જેવો

79. અષ્ટાંગ યોગમાં બહિર્રંગ અંગો કેટલા હોય છે?

(1) 6
(2) 3
(3) 4
(4) 5

80. દોડની સ્પર્ધામાં અંતિમ કૌશલ્ય કયુ છે?

(1) શરીરની સ્થિતિ
(2) પ્રસ્થાન
(3) ફિનીશ
(4) દોડ કદમો

7255445

81. તાજેતરમાં કવાડ (QUAD) વિદેશમંત્રીઓની બેઠક યોજાઈ હતી, કવાડ જૂથમાં નીચેનામાંથી ક્યા દેશનો સમાવેશ થતો નથી?

(1) ચીન

(2) ભારત

(3) જાપાન

(4) ઓસ્ટ્રેલીયા

82. હાલમાં બિહાર રાજ્યની કઈ કોલેજોમાં વિદ્યાર્થીઓ આગામી શૈક્ષણિક સત્રમાં હિન્દી મીડિયમમાં અભ્યાસ કરશે?

(1) વન્યજીવ ક્ષેત્રની કોલેજોમાં

(2) મેડીકલ ક્ષેત્રની કોલેજોમાં

(3) કૃષિ ક્ષેત્રની કોલેજોમાં

(4) રમતગમત ક્ષેત્રની કોલેજોમાં

83. હાલમાં અમિત શાહ દ્વારા કઈ કઈ યોજનાની શરૂઆત કરવામાં આવી?

(1) યાંત્રિક સહાય યોજના

(2) નેનો ખાતર સબસિડી યોજના

(3) ખેડૂત પોર્ટલ યોજના

(4) વીમા સુરક્ષા યોજના

84. હાલમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કઈ સંધિનું નવીનીકરણ કરવામાં આવનાર છે?

(1) યમુના જલસંધિ

(2) નર્મદા જલસંધિ

(3) ગંગા જલસંધિ

(4) સાબરમતી જલસંધિ

85. હાલમાં પેરીસ ખાતે યોજાયેલ ઓલમ્પિક માટે ભારતની મહિલા ધ્વજવાહક કોણ બની?

(1) મનુ ભાકર

(2) પી.વી. સિંધુ

(3) પી.ટી. ઉષા

(4) વીનેશ ફોગાટ

86. ક્યા રાજ્યએ તેના તમામ ગામોને લાલ ડોરા મુક્ત બનાવ્યા છે?

(1) હરિયાણા

(2) પંજાબ

(3) મહારાષ્ટ્ર

(4) આસામ

87. હાલમાં ક્યા રાજ્યની સરકારે 3.65 લાખ કરોડનું ઐતિહાસિક બજેટ રજૂ કર્યું?

(1) બિહાર

(2) રાજસ્થાન

(3) ગુજરાત

(4) મધ્યપ્રદેશ

88. હાલમાં ભારતીય મૂળના લીસા નંદીને ક્યા દેશનું મંત્રીપદ મળ્યું છે?

(1) પાકિસ્તાન

(2) બ્રિટન

(3) અમેરિકા

(4) જાપાન

89. તાજેતરમાં રાજસ્થાનના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?

(1) શ્રી હરિભાઉ કિસનરાવ બાગડે

(2) શ્રી કૈવલ્ય ત્રિવિક્રમ પારનાઈક

(3) શ્રી જગદીશ મુખી

(4) શ્રી ગંગા પ્રસાદ

90. હાલમાં પંજાબ નેશનલ બેંક ઉપર કોના દ્વારા 1.32 કરોડ રૂપિયાનો દંડ લગાવવામાં આવ્યો છે?

(1) એક્સીસ બેંક

(2) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા

(3) આઈ.સી.આઈ.સી.આઈ. બેંક

(4) સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા

91. હાલમાં નવી દિલ્હીમાં કયું સંમેલન યોજાયું હતું?
(1) ગ્લોબલ ઇન્ડિયા એગ્રો શિખર સંમેલન 2024
(2) ગ્લોબલ ઇન્ડિયા અફેર્સ 2024
(3) ગ્લોબલ ઇન્ડિયા AI શિખર સંમેલન 2024
(4) ગ્લોબલ ઇન્ડિયા સ્પોર્ટ્સ શિખર સંમેલન 2024

92. ફ્રેંચ ઓપન 2024 માં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા ટેનિસ ખેલાડીનું નામ શું છે?
(1) રાફેલ નડાલ
(2) રોજર ફેડરર
(3) કાર્લોસ અલ્કારાઝ
(4) કેસ્પર રૂડ

93. તાજેતરમાં આલ્પ્સ પર્વતમાળામાં સ્થિત ક્યા પર્વતીય દેશની મુલાકાત નરેન્દ્ર મોદીએ લીધી હતાં?
(1) ઓસ્ટ્રીયા
(2) ઓસ્ટ્રેલિયા
(3) આફ્રિકા
(4) રશિયા

94. તાજેતરમાં સાડો સોનાની ખાણોને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સૂચિમાં સમાવવામાં આવી છે, તે ક્યા દેશમાં આવેલી છે?
(1) અમેરિકા
(2) દ. કોરિયા
(3) દ. આફ્રિકા
(4) જાપાન

95. તાજેતરમાં પુરાતત્ત્વવિદોએ ક્યા દેશમાં વિશ્વની સૌથી જૂનું ગુફા પેઈન્ટિંગ શોધી કાઢ્યું હતું ?
(1) ઇન્ડોનેશિયા
(2) ફ્રાંસ
(3) ચીન
(4) જાપાન

96. હાલમાં નર્મદા બચાઓ આંદોલન સાથે સંકળાયેલા કોની ધરપકડ કરવામાં આવી?
(1) મેના પાટકર
(2) રેવા પાટકર
(3) મેધા પાટકર
(4) વિશ્વા પાટકર

97. હાલમાં સિદ્ધાર્થ મોહંતીની કઈ કંપનીના એમડી અને સીઈઓ તરીકે ફરીથી નિમણૂક થઈ?
(1) BIRLA
(2) APMC
(3) LIC
(4) TATA

98. તાજેતરમાં 'નાગી' અને 'નક્તી' વેટલેન્ડનો રામસર સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ બંને સાઈટ ક્યા રાજ્યમાં આવેલી છે?
(1) બિહાર
(2) આંધ્ર
(3) અરુણાચલ
(4) હિમાચલ

99. જૂન 2024ના ICC Player of Tournament માં ક્યા બે ખેલાડીઓનો સમાવેશ કર્યો છે?
(1) સ્મૃતિ મંધાના, સૂર્ય કુમાર
(2) રવીન્દ્ર જાડેજા, રોહિત શર્મા
(3) જસપ્રીત બુમરાહ, સ્મૃતિ મંધાના
(4) જસપ્રીત બુમરાહ, હરભજનસિંહ

100. ભારતની પ્રથમ કૃષિ નિકાસ સુવિધા ક્યાં વિકસાવવામાં આવી રહી છે?
(1) દિલ્હી
(2) મદ્રાસ
(3) કોલકાતા
(4) મુંબઈ

-oOo-